સ.ઠ. સા.વ.વિ. ક્રમાંક
પવસ-૧૧૯૮-૧૪૩૦-ગ-૩

સરકારી નોકરીમાં અનામત જગાઓ અને રોસ્ટર પદ્ધતિ

વંચાણમાં લીધા :

૧. સ. પરિ. સા. વ. વિ. ક્રમાંક : બીએસી-૧૦૬૪-૩૧૭-ચ, તા. ૧૯-૬-૬૪.
૨. સ. ઠ. સા. વ. વિ. ક્રમાંક : બીએસી-૧૦૬૪-૩૩૭૩-ચ, તા. ૨૦-૨-૬૯નો પરિચ્છેદ-૨.
૩. સ. ઠ. સા. વ. વિ. ક્રમાંક : બીસીએ-૪૩૭૧-જે (૧) સેલ-૫૦૨૩ (સી), તા. ૨૪-૧૨-૭૧ ના પરિચ્છેદ ૧૨ અને ૧૩.
૪. સ. ઠ. સા. વ. વિ. ક્રમાંક : પીવીટી-૧૧૭૦-સી-૧૦૯૨-જે-સેલ, તા. ૧૯-૪-૭૪.
૫. સ. પરિ. શિ. અને મ. વિ. ક્રમાંક : પીવીટી-૧૨૪૦૮-જે-સેલ, તા. ૧૨-૫-૭૫.
૬. સ. પરિ. શિ. અને મ. વિ. ક્રમાંક : પવટ-૧૦૭૬-૮૬૪૪૨-૨-જ, તા. ૧૬-૭-૭૬.
૭. સ.ઠ.મ.સ.ક. અને આ.વિ.વિ. ક્રમાંક : પીવીટી-૩૭૭૭-૧૦૮૩૬-જે (૧) (સેલ), તા. ૨૨-૩-૭૭
૮. સ.પરિ. મ.સ.ક. અને આ.વિ.વિ. ક્રમાંક : પીવીટી-૩૩૭૬-૨૦૩૯૩-જે (૧) સેલ, તા. ૪-૫-૭૭
૯. સ.ઠ.સા.વ.વિ. ક્રમાંક : બીએસી-૧૦૭૮-યુઓ-૭૨૬-ક, તા. ૫-૪-૭૮.
૧૦. સુધારો મ.સ.ક. અને આ.વિ.વિ. ક્રમાંક : પવટ-૧૦૭૯-યુઓ-૨૯/જ-૧ (સેલ), તા. ૪-૮-૭૯
૧૧. સ.ઠ.સા.વ.વિ. ક્રમાંક : પવસ-૧૧૮૨-૫૮૨-ગ-૩, તા. ૨૫-૬-૮૨.
૧૨. સ.ઠ.સા.વ.વિ. ક્રમાંક : બીએસી-૧૦૭૮-જીઓઆઈ-૨૩-ક, તા. ૮-૧૧-૭૮.
૧૩. સ.ઠ.સા.વ.વિ. ક્રમાંક : પવસ-૧૭૮૧-૨૪૯૭-ગ-૩, તા. ૨૦-૧૨-૮૨.
૧૪. સ.ઠ.સા.વ.વિ. ક્રમાંક : પવસ-૧૧૮૩-૮૨૫-ગ-૩, તા. ૨૨-૪-૮૩ ના પરિચ્છેદ-૫.૬. ૪ થી ૫ ૧, ૨૪.૨, ૨૫ અને ૨૫.૨.
૧૫. સ.પરિ.સા.વ.વિ. ક્રમાંક : પવસ-૧૨૮૨-૧૪૯૭-ગ-૩, તા. ૧૮-૬-૮૪.
૧૬. સ.પત્ર.સા.વ.વિ. ક્રમાંક : પવસ-૧૩૮૬ (૮)-ગ-૫ (રોસ્ટર), તા. ૧૯-૭-૮૬.
૧૭. સ.ઠ.સા.વ.વિ. ક્રમાંક : પવસ-૧૩૮૬ (૩)-ગ-૫ (રોસ્ટર), તા. ૨૬-૯-૮૬.
૧૮. સ.ઠ.સા.વ.વિ. ક્રમાંક : પવસ-૧૨૮૭-૮૧૩-ગ-૩, તા. ૨૩-૭-૮૭.
૧૯. ભારત સરકારના પર્સોનલ અને ટ્રેનિંગના તા. ૨૫-૪-૮૯ ના ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંક : ૩૬૦૧૨/૬/૮૮, એસ્ટા-એસસીટી.

રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓનું જાહેર સેવાઓમાં સીધી ભરતી દ્વારા થતી નિમણૂંકોમાં નિયત થયેલી ટકાવારી અનુસારનું પૂરતું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે જગ્યાઓ અનામત રાખવા માટેની ટકાવારી, રોસ્ટર, વણપુરાયેલી જગ્યાઓ આગળ ખેંચવા, ખાસ ભરતી પદ્ધતિથી બેકલોગ પૂરો કરવા, આવી જગાઓ સામાન્યત: બિનઅનામત નહીં કરવા તથા કેટલાક અપવાદરૂપ પ્રસંગોએ વહીવટી કક્ષાએ મંજૂરી મેળવી બિનઅનામતમાં ફેરવવા અનુસૂચિત જાતિ/અનુસૂચિજનજાતિઓની અનામત જગાઓ ઉપર અંદરો અંદર અદલા બદલીથી નિમણૂંક કરવા તથા ત્યારબાદ તે પ્રથા બંધ કરવા, ભરતી પ્રસંગનું અનામત પ્રમાણ ૫૦ ની મર્યાદામાં રહે તે રીતે ભરતી કરવા વગેરે બાબતો ઉપર વંચાણે લીધા સરકારી ઠરાવો/પરિપત્રો, સુધારા દ્વારા વખતો વખત નિર્ણય કરી, જરૂરી હુકમો/સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

૨. રાજ્ય સરકાર તરફથી, રાજ્ય સેવામાં, પંચાયત સેવાઓમાં, રાજ્ય સરકારના બોર્ડ, નિગમો, જાહેર સાહસો, સહકારી ક્ષેત્રો તથા સરકાર તરફથી અનુદાન મેળવતી સંસ્થાઓ જેવી કે શાળા, મહાશાળા, કોલેજો, વિશ્વ વિદ્યાલયો, નગરપાલિકાઓ વગેરેમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટે સીધી ભરતી માટે નિયત કરવામાં આવેલ ટકાવારી અનુસાર રોસ્ટર પોઈન્ટ પ્રમાણે જગાઓ અનામત રાખવા અને તેવી જગાઓ તે જાતિઓના ઉમેદવારોથી જ ભરવા વખતો વખત જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. આમ છતાં, સરકારને એવું જણાયું છે કે હજુ પણ આ જાતિઓની અનામત જગાઓ ઉપર પૂરતી સંખ્યામાં નિમણૂંકો થતી નથી અને પરિણામે 'બેકલોગ' (Backlog) વધતો જાય છે તથા આવી જગાઓ 'બિનઅનામત' જાહેર કરી બિન અનામત ઉમેદવારોથી ભરવા કાર્યવાહી કરવી પડે છે.

૩. તાજેતરમાં, કેન્દ્ર સરકાર તરફથી આ સંબંધે જાહેર કરેલ નીતિ અને સૂચનાઓ તથા આ બાબતે રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અને સૂચનાઓની સમીક્ષા અને વિચારણા કરતાં તથા આ બાબતે કેન્દ્રના ધોરણે નીતિ રહે અને એકસરખી સૂચનાઓ અને કાર્યપદ્ધતિ અપનાવવામાં આવે તેઓ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી જે અનુરોધ કરવામાં આવ્યો છે તેનો સ્વીકાર કરવાનું આ બાબતે અગાઉની સૂચનાઓ/હુકમો અને ખાસ કરીને ઉપર વંચાણે લીધેલ સરકારી ઠરાવો/પરિપત્રો/સુધારાઓમાં આંશિક ફેરફારો કરી નીચે પ્રમાણેના હુકમો/સૂચનાઓ બહાર પાડવાનું સરકારે આથી ઠરાવેલ છે :-

(૧) સીધી ભરતીમાં જ્યાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવેલ ખાલી જગ્યાઓ ભરવા માટે તે જાતિના ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય ત્યાં આવી ખાલી જગાઓ આ જાતિના ઉમેદવારો સિવાયના ઉમેદવારોથી કોઈપણ સંજોગોમાં ભરવી નહીં. બીજા શબ્દોમાં, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટેની અનામત જગાઓ 'બિનઅનામત' કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. આ સૂચનાઓનો અમલ વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ માં તા. ૧-૪-૧૯૮૯ થી ખાલી પડતી સીધી ભરતીની બધી જ જગાઓમાં કરવાનો છે.

(૨) ઉપરોક્ત બાબતે વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે કે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિની અનામત જગાઓ બિન અનામતમાં ફેરવવા ઉપરનો આ પ્રતિબંધ આ જાતિઓ માટેની ૧-૪-૮૯ પછી ભરવાપાત્ર અનામત જગાના કેસોમાં જ લાગુ પડશે એવું નથી. પરંતુ તા. ૧-૪-૮૯ પહેલાંના વર્ષોની આ જાતિઓની તમામ અનામત ખાલી જગાઓ જે બિન અનામત જાહેર કરવામાં આવી હોય કે ન આવી હોય, પરંતુ જે હજું અન્ય જાતિઓના ઉમેદવારોથી ભરવામાં આવી ન હોય તેવી તમામ જગાઓને પણ આ પ્રતિબંધ લાગુ પડે છે. અર્થાત્ તેવી જગાઓ પણ હવે આ જાતિઓના ઉમેદવારો સિવાયના અન્ય જાતિઓના ઉમેદવારોથી ભરી શકાશે નહીં.

(3) હવે પછી, વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની જગાઓ/સેવાઓની સીધી ભરતીના તમામ કેસોમાં, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિઓના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ જગાઓ ભરવા માટે તે જાતિઓના યોગ્ય ઉમેદવારો પૂરતી સંખ્યામાં ભરતીના પ્રથમ પ્રયત્નમાં ઉપલબ્ધ ન થાય તો તે જ ભરતી વર્ષમાં અથવા તે પછીનું ભરતી વર્ષ શરૂ થાય તે પહેલાં, વહેલાંમાં વહેલી તકે આ જાતિઓના ઉમેદવારોની સદર અનામત

જગાઓ ઉપર ભરતી/નિમણૂંક કરવા બીજો પ્રયત્ન કરવાનો રહેશે. આમ, બીજા પ્રયત્નને અંતે પણ આ જાતિઓની અનામત જગાઓ સામે તે જાતિઓના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો જે અનામત ખાલી જગાઓ વણપુરાયેલી રહેશે તે પછીના ભરતી વર્ષ સુધી વણપુરાયેલી રહેશે અને આવી અનામત ખાલી જગ્યાઓ, 'બેકલોગ' ખાલી જગાઓ તરીકે ગણવાની રહેશે

(૪) તે પછીના ભરતી વર્ષમાં, તે વર્ષની (નવી ખાલી જગાઓ) (Current Vacancies) ખાલી જગાઓ ઉપર ભરતી કરવાની સાથે સાથે 'બેકલોગ' ની અનામત ખાલી જગાઓ ઉપર ભરતી કરવાની પણ જાહેરાત કરવામાં આવશે. એટલે કે, નિર્દિષ્ટ ભરતી વર્ષની 'નવી' ખાલી જગાઓ અને 'બેકલોગ' ની ખાલી જગાઓ, એમ બે ભિન્ન જૂથોમાં દર્શાવવાની રહેશે અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટે અનામત જગાઓની ગણતરી કરવાની સામાન્ય સૂચનાઓ અને ખાલી જગાઓના ૫૦ ટકા કરતાં વધારે જગાઓ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ, શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારો વગેરે માટે અનામત ન રાખવાની સૂચનાઓ જે તે વર્ષની 'નવી' ખાલી જગાઓને લાગુ પડશે. આમ છતાં, અનુસૂચિત જાતિ/અનુસૂચિ જનજાતિ માટેની બધી જ 'બેકલોગ'ની અનામત ખાલી જગાઓ તે ભિન્ન જૂથની હોવાથી જે કોઈ નિયંત્રણો હોય તે બેકલોગ ખાલી જગાઓને લાગુ પડશે નહી અને સ[illegible] 'બેકલોગ' ની જગાઓ જે ત અનામત જાતિઓના ઉમેદવારોથી જ ભરવાની રહેશે. આ [illegible] નીચે દૃષ્ટાંત આપેલ છે :-

દાખલા તરીકે અગાઉના વર્ષોમાં અનુસૂચિત જાતિની ત્રણ ખાલી જગાઓ અને અનુસૂચિત જનજાતિ માટેની બે ખાલી જગાઓ વણપૂરાયેલી રહી છે અને તેને બેકલોગ ખાલી જગા તરીકે પણ આગળ ખેંચવામાં આવેલી છે અને ચાલુ ભરતી વર્ષમાં 'નવી' ચાર ખાલી જગાઓ ભરવાની છે અને તેમાં એક ખાલી જગા અનુસૂચિત જાતિ તથા એક ખાલી જગા અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવાની છે. એટલે અનામત અંગેની આ સૂચનાઓ પ્રમાણે જાહેરાત કરવાન ખાલી જગાઓની વિગત નીચે પ્રમાણે થશે :-

| જગાનું | 'નવી' ( ) ખાલી જગાઓની સંખ્યા | | | 'બેકલોગ'ની ખાલી જગાઓની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | સામાન્ય | અ.જા. | અ.જ.જા. | અ.જા. | અ.જ.જા. |
| | ૨ | ૧ | ૧ | ૩ | ૨ |

(૫) ઉપરોક્ત વિગત જોતાં સ્પષ્ટ થશે કે, અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટેની અનામત રાખવામાં આવેલ ખાલી જગાઓ, જે વણપૂરાયેલી રહી હોય તે પછીના ભ[illegible] વર્ષ ખાતે 'બેકલોગ' ખાલી જગાઓ તરીકે ગણી આગળ ખેંચવાની રહે છે. તા. ૧-૪-૧૯[illegible] ના રોજ અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટેની આગળ ખેંચાયેલી અનામત જગાઓ, સંબંધિત જગાઓ બિન અનામત કરી ભરાયા બાદ પ્રવર્તમાન હુકમો અને સૂચનાઓને અનુસરી તે નવી ખાલી જગાઓ સામે ગણાવી ચાલુ રહેશે અને જો આવી અનામત ખાલી જગાઓ હજુ પણ ભરવામાં આવી ન હોય તો આ હુકમો હેઠળ તે 'બેકલોગ' ખાલી જગાઓ તરીકે આગળ ખેંચવાની રહેશે.

(૬) વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગાઓમાં સીધી ભરતીમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ માટેની અનામત જગા 'બિનઅનામત' કરવા ઉપરનો પ્રતિબંધ તા. ૧-૪-૮૯ થી અમલ આવે છે. વર્ગ-૧ અને તે ઉપરની જગાઓ/સેવાઓમાં સીધી ભરતીથી ભરવાની થતી ખાલી જગાઓમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિનો અનામત જગાઓ સામે તે જાતિના યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ નહીં થવાના કારણે તેવી જગાઓ જાહેર હિતમાં ખાલી નહીં રાખવાના પ્રસંગો ઉભા થવાના જુજ અને અપવાદરૂપ કેસો બનશે. આમ છતાં, ઉપરોક્ત સૂચનાઓ અનુસાર પણ અનુસૂચિત જાતિ/જનજાતિની અનામત ખાલી જગાઓ ભરી ન શકાય અને બીજી બાજુ જાહેર હિતમાં આવી અનામત જગાઓ ખાલી રાખી શકાય તેમ ન હોય ત્યારે તેવા જૂજ અને અપવાદરૂપ કેસોની પરિસ્થિતિમાં સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગ કે જેના હેઠળ આવી સીધી ભરતીથી જગા પૂરવાની થતી હોય તે આવી જગા બિનઅનામતમાં ફેરવવાની કાર્યવાહી માટે સંપૂર્ણ વાજબી કારણો સાથેની દરખાસ્ત તૈયાર કરશે અને સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગના પરામર્શમાં દરેક દરખાસ્ત પરત્વે તેમની ટીકા-ટિપ્પણ મેળવશે અને ટીકાટિપ્પણ સહિતની દરખાસ્ત સચિવશ્રી (ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ, સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગ અને સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રીની બનેલી સમિતિ સમક્ષ વિચારણા તથા ભલામણો માટે રજૂ કરવાની રહેશે. આ સમિતિ દરખાસ્ત સંબંધે પૂરી વિચારણા કરી તેની ભલામણો કરશે. ત્યારપછી દરખાસ્ત સંબંધિત વહીવટી વિભાગે, સામાન્ય વહીવટી વિભાગ મારફત છેવટના નિર્ણય માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કરવાની રહેશે.

(૭) આ ઠરાવથી ઉપર પ્રમાણે કરવામાં આવેલા હુકમો/સૂચનાઓ આવા જ અગાઉ અપાયેલા હુકમો/સૂચનાઓ/નિર્ણયોમાં ફેરફાર રૂપે ગણી આ હુકમો/સૂચનાઓને આખરી ગણવાના છે અને તે ચુસ્તપણે અમલ કરવા સર્વે નિમણૂંકી અધિકારી/નિમણૂંક સત્તાને સૂચના આપવામાં આવે છે.

(૮) આ હુકમો રાજ્ય સેવા ઉપરાંત પંચાયત સેવા, રાજ્ય સરકારના બોર્ડ, નિગમો, જાહેર સાહસો, સહકારી ક્ષેત્રો તથા સરકાર તરફથી અનુદાન મેળવતી સંસ્થાઓ જેવી કે શાળા, મહાશાળા, કોલેજો, વિશ્વ વિદ્યાલયો, નગરપાલિકાઓ વગેરે હેઠળની સેવાઓ/જગ્યાઓને પણ એકસરખી રીતે લાગુ પાડવામાં આવે છે અને તેથી તેઓએ પણ આનો ચુસ્તપણે અમલ કરવા સૂચના આપવામાં આવે છે.